
॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર    Mo- 9016924808    સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 42,(SURAT), DATE-09/04/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૪૨, (સુરત), તા.૦૯/૦૪/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 કિરીટ સોમૈયાએ મહારાષ્ટ્રમાં ૭૨ મસ્જિદો વિરુદ્ધ નોધાવી ફરીયાદ

3 આગામી ૪ દિવસ હીટવેવને લઇ એલર્ટ જાહેર:તાપમાન ૪૧ ડિગ્રી નજીક, ૪ દિવસ તીવ્ર ગરમી પડશે

4 રૂ. ૭૫૯ લાખના હાઈલેવલ બ્રિજ અને રોડના કામોનું ખાતમુહૂર્ત કરતા વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ


### સુરત જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા

## ૪૬માં સ્થાપના દિવસ નિમિતે કેક કાપીને ફટાકડા ફોડીને મીઠાઈ દ્વારા મોઢું મીઠું કરાવીને ઉજવણી કરાઈ





**બારડોલી-** ૪૬ માં સ્થાપના દિવસ નિમિતે સુરત જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા જિલ્લા મધ્યસ્થ કાર્યાલય ખાતે જીલ્લા પ્રમુખ શ્રી ભરત ભાઈ રાઠોડ, ૨૩ બારડોલી લોકસભાના સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવા, ૧૬૯ બારડોલી વિધાનસભાના ધારાસભ્યશ્રી ઈશ્વરભાઈ પરમાર, જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિની બેન પટેલ, ભાજપા સ્થાપના દિવસના દક્ષિણ ગુજરાતના પ્રદેશ સહ સંયોજક જગદીશ ભાઈ પારેખની ઉપસ્થિતિમાં કેક કાપીને ફટાકડા ફોડીને મીઠાઈ દ્વારા મોઢું મીઠું કરાવીને ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા મહામંત્રી શ્રી જીગરભાઈ નાયકે સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યારબાદ જિલ્લા પ્રમુખ શ્રી ભરત ભાઈ રાઠોડે પ્રાસંગિક ઉદબોધન કરીને કાર્યકર્તાઓને નવી ઉર્જા આપી ને ઉત્સાહ વધાર્યો હતો. ત્યાર બાદ ૧૬૯ બારડોલી વિધાનસભાના ધારાસભ્યશ્રી ઈશ્વરભાઈ પરમારએ જણાવ્યું હતું કે. ભારતીય જનતા પાર્ટીએ ઘણા ઉતાર ચઢાવ જોયા છે.પાર્ટીના સ્થાપના કાળ થી અત્યાર સુધીના તમામ રાષ્ટ્રીય પ્રમુખઓ અને કાર્યકર્તાઓની મહેનત થી આજે પંચાયત થી પાર્લામેન્ટ સુધી શાસન છે. અને વિશ્વની સૌથી મોટી પાર્ટી બની છે. અને દરેક કાર્યકર્તા કોઈ પણ પ્રકારના વાળ વિવાદ થી નહી પણ સંવાદ થી પોતાની જવાબદારી અદા કરીએ. ત્યાર બાદ ૨૩ બારડોલી લોકસભા સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવા એ જણાવ્યું હતું.કે. બીજેપી વિશ્વની સૌથી મોટી પાર્ટી બની છે . બીજેપી સરકારે પાર્ટીના અદના



કાર્યકર્તા તરીકે બધાને ગૌરવ થાય. કાશ્મીર કલમ ૩૭૦ અને ૩૫, રામ મંદિર, ઓબીસી કમિશન,ટ્રાઈબલ સમાજ માટે , ગરીબ વર્ગ માટે સ્નેહ પૂર્વક ઊઠજ નો ઐતિહાસિક નિર્ણય કર્યો છે. વક્ફ બોર્ડ ના માટે ૨ એપ્રિલ ના દિવસે રાત્રે ૩ વાગ્યે સુધી લોકસભા ચાલી હતી. સરકારના ઐતિહાસિક નિર્ણય ને વધાવ્યો છે. વધુમાં આજે રામનવમી અને પાર્ટીનો સ્થાપના દિવસ એક સંજોગ છે. ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર અને લોકસભા સાંસદનો મતવિસ્તાર, જન્મદિવસ પણ એક જ સમાન આવતા હોય જે પણ એક સંજોગ છે. ત્યાર બાદ ભાજપા સ્થાપના દિવસના દક્ષિણ ગુજરાતના પ્રદેશ સહ સંયોજક જગદીશ ભાઈ પારેખે શુભેચ્છા આપતા જણાવ્યું હતું કે. સંગઠનાત્મક રીતે પાર્ટીનો વ્યાપ વધારવા અપીલ કરી હતી. વન નેશન વન ઇલેક્શન,મન કી બાત, સરાહના કરી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા પ્રમુખ શ્રી ભરતભાઈ રાઠોડ, ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસના પ્રદેશ સહ-સંયોજકશ્રી જગદીશભાઈ પારેખ,જિલ્લા મહામંત્રીશ્રીઓ જીગરભાઈ નાયક, રાજેશભાઈ પટેલ, કિશનભાઇ પટેલ તથા જિલ્લા સંગઠનના હોદેદારો, પદાધિકારીઓ તથા સમગ્ર જિલ્લા ના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. આ બેઠકનું સંચાલન મહામંત્રીશ્રી જીગરભાઈ નાયકે કર્યું હતું.

## અનુષાસન, સમર્પણ અને સંકલ્પના સૂત્રોથી વણાયેલી અમારી પાર્ટીનું મૂળબળ છે- કાર્યકર્તા









**સુરત-** રાષ્ટ્ર કલ્યાણને સમર્પિત અને જનકલ્યાણ માટે સંકલ્પિત ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ નિમિત્તે ૧૫૭-માંડવી વિધાનસભામાં માનનીય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ સાહેબના અધ્યક્ષ સ્થાને સક્રિયસભ્ય સંમેલન યોજાયો જયાં સૌ સક્રિય સભ્યોને આ મહત્વપૂર્ણ દિવસની શુભકામના પાઠવી અને ભાજપ સંગઠનને વધુમાં વધુ સશક્ત કરી દેશની વિકાસગાથામા પોતાનું સેવા રૂપી યોગદાન આપવા અંગે માર્ગદર્શન આપ્યું.

આ કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકા પૂર્વ મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, પ્રદેશ સહ સંયોજક ભાજપા સ્થાપના દિન શ્રી જગદીશભાઈ પારેખ, સુરત જિલ્લા ભાજપા મહામંત્રી શ્રી રાજેશભાઈ પટેલ, શ્રી જીગરભાઈ નાયક, માંડવી નગર ભાજપા શ્રી અજીતસિંહ સુરમા, માંડવી તાલુકા ભાજપ પ્રભારી શ્રી વિકાશભાઈ પટેલ, સોનગઢ તાલુકા પ્રમુખ શ્રી વિક્રમભાઈ ગામીત, માંડવી તાલુકા પ્રમુખ અનિલભાઈ ચૌધરી, માંડવી નગર પ્રમુખ શ્રી પ્રિતેશભાઈ રાવળ, ચૂંટાયેલા સભ્યો સંગઠનના હોદ્દેદારો અને સક્રીય કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગરમાં ગરમીનો પ્રકોપ:સવારે ૩૧ ડિગ્રી તાપમાન, બપોરે ૪૨ ડિગ્રી સુધી પહોચવાની આગાહી; હિટવેવની ચેતવણી જારી



ગાંધીનગર- ગાંધીનગરમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. આજે મંગળવારે સવારથી જ તાપમાનનો પારો ૩૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયો છે. હવામાન વિભાગના અનુમાન મુજબ બપોર સુધીમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સુધી પહોંચી શકે છે. ન્યૂનતમ તાપમાન ૨૪ ડિગ્રી રહેવાની સંભાવના છે. ગઈકાલે સોમવારે શહેરમાં મહત્તમ તાપમાન ૪૨.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ હિટવેવની આગાહી કરી છે. એપ્રિલ અને મે મહિનામાં ગરમી તમામ રેકોર્ડ તોડી શકે છે.

ગરમીને ધ્યાનમાં રાખીને શિક્ષણ વિભાગે શાળાઓ માટે ખાસ સૂચનાઓ જારી કરી છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારીને હિટવેવ-૨૦૨૫ ની પૂર્વ તૈયારી કરવા જણાવ્યું છે.

## પેટ્રોલ-ડીઝલની એક્સાઈઝ ડ્યુટીમાં રૂ.૨ નો વધારો થયો


નવી દિલ્હી- કેન્દ્ર સરકારે દેશમાં પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં પ્રતિ લિટર રૂ. ૨નો વધારો કર્યો છે. આ નિર્ણયને સરકારની આવક વધારવા અને બજેટરી ખાધને નિયંત્રિત કરવાની વ્યૂહરચનાના ભાગ રૂપે જોવામાં આવી રહ્યો છે. વધેલી એક્સાઈઝ ડ્યુટી લાગુ થતાની સાથે જ ઓઈલ કંપનીઓ આ બોજ ગ્રાહકો પર નાખી શકે છે, જેના કારણે પેટ્રોલ અને ડીઝલના રિટેલ ભાવમાં ટૂંક સમયમાં વધારો જોવા મળી શકે છે.

## સુરતમાં ભાજપના સ્થાપના દિવસની ઉજવણી:કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે નિવાસ સ્થાને ધ્વજ ફરકાવ્યો; અંદાજિત ૧ કરોડ ૨૫ લાખ જેટલા પાર્ટી ઝંડાનું વિતરણ કરાયું



સુરત- ૬ એપ્રિલ, ભારતીય જનતા પાર્ટીનો સ્થાપના દિવસ સમગ્ર રાજયમાં ઉત્સાહભેર ઉજવાયો હતો. સુરત શહેરમાં ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ તથા કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલે પોતાના નિવાસસ્થાને ભારતીય જનતા પાર્ટીનો ધ્વજ ફરકાવી સ્થાપના દિવસની ઉજવણી કરી હતી.

આ અવસરે સી.આર.પાટીલ એ જણાવ્યું હતું કે, ભાજપના કાર્યકર્તાઓ માટે આજનો દિવસ આનંદ અને ઉત્સાહનો છે. ભારતીય જનતા પાર્ટી આજે વિશ્વની સૌથી મોટી મેમ્બરશીપ ધરાવતી પાર્ટી બની છે. સત્તામાં આવ્યા બાદ ભારતીય જનતા પાર્ટીએ લોકોની સેવા કેવી રીતે કરવી તેનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. ભાજપનો દરેક કાર્યકર્તા સૌપ્રથમ દેશને મહત્ત્વ આપે છે અને ત્યારબાદ પોતાની પાર્ટી અને જાતને મહત્વ આપે છે. આજના સ્થાપના દિવસ નિમિત્તે સમગ્ર ગુજરાતમાં દરેક બુથ ખાતે ભારતીય જનતા પાર્ટીના ઝંડાનું વિતરણ કરવામાં આવ્યું છે. અંદાજિત ૧,૨૫,૦૦,૦૦૦ જેટલા ઝંડાનું વિતરણ કરી પાર્ટીના સ્થાપના દિવસની ઉજવણી કરાઈ છે. સુરત સહિત સમગ્ર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોમાં ઉત્સાહ અને હર્ષોલ્લાસનો માહોલ જોવા મળ્યો છે.




ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# લવ જેહાદ વિરોધી ઝાંખીને નીતિન પટેલનું સમર્થન

## હિંદુ સમાજની દીકરીને બચાવતી સંસ્થાના પ્રયત્નને સમર્થનઃ નીતિન પટેલ



અમદાવાદ - અમદાવાદના નિકોલમાં ટઇંડએ ચક્કાજામ કર્યો હતો. પોલીસે રામનવમીની શોભાયાત્રાને અટકાવતા રોષ ભરાયા હતા અને શુકન ચાર રસ્તા પાસે વિશ્વ હિન્દુ પરિષદના સભ્યોએ વિરોધ કર્યો હતો. અત્રે જણાવીએ કે, લવ જેહાદ અંગેની ઝાંખી પ્રદર્શિત કરાતી યાત્રા પોલીસે અટકાવી હતી. ત્યારે આ સમગ્ર મામલાને લઈ પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનું નિવેદન સામે આવ્યું છે. અમદાવાદમાં રામનવમીની શોભયાત્રા રોકવા પર નીતિન પટેલે કહ્યું કે, ‘ભારતીય સંસ્કૃતિ હિન્દુ સમાજ અને આપણી દીકરીઓને બચાવવા માટે વિશ્વ હિન્દુ પરિષદ હોય કે, બીજી કોઈ સંસ્થા હોય જે પ્રયત્ન કરી રહી છે તેને સમગ્ર હિન્દુ સમાજનું સમર્થન છે.

અમદાવાદના રામનવમીની નિકોલમાં શોભાયાત્રાને પોલીસે અટકાવી હતી. જેના કારણે વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરોમાં રોષ ભભૂક્યો હતો અને રસ્તા વચ્ચે જય જય શ્રી રામના નારાની ગુંજ સાથે પોલીસે સમક્ષ રોષ ઠાલવ્યો હતો. જે યાત્રામાં લવ જેહાદ અંગેની ઝાંખી પ્રદર્શિત કરાતા પોલીસે યાત્રાને અટકાવી હતી. જે ઝાંખી હટાવી લેવામાં આવતા યાત્રા આગળ વધી હતી.

## લાઉડસ્પીકર કાયદાકીય પરવાનગી વિના લગાવાયા

# કિરીટ સોમૈયાએ મહારાષ્ટ્રમાં ૭૨ મસ્જિદો વિરુદ્ધ નોધાવી ફરીયાદ



મુંબઈ - મહારાષ્ટ્રમાં સીએમ દેવેન્દ્ર ફડણવીસે તાજેતરમાં ધાર્મિક સ્થળો પર નિર્ધારિત ડેસિબલ મર્યાદામાં લાઉડસ્પીકર વગાડવાની વાત કરી હતી. જો આમ નહીં કરવામાં આવે તો પરવાનગી રદ કરવામાં આવશે તેવી ચેતવણી આપવામાં આવી હતી. આ સૂચના બાદ અનેક નિવેદનો સામે આવ્યા છે. આ શ્રેણીમાં હવે ભાજપના નેતા અને પૂર્વ સાંસદ કિરીટ સોમૈયાએ મુંબઈના માનખુર્દ ગોવંડીમાં ૭૨ મસ્જિદો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોધાવી છે. આ મામલે બીજેપી નેતા કિરીટ સોમૈયાએ કહ્યું કે મે

૫ એપ્રિલે ગોવંડીના શિવાજી નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી હતી કે ૭૨ મસ્જિદોમાં અનધિકૃત લાઉડસ્પીકર લગાવવામાં આવ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે આ લાઉડસ્પીકર કોઈપણ કાયદાકીય પરવાનગી વિના લગાવવામાં આવ્યા છે, જે જાહેર સ્થળોએ અવાજ નિયંત્રણ સંબંધિત નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે.પોલીસે પણ આ વાત સ્વીકારી છે અને અમે માંગણી કરી છે કે મસ્જિદોમાં ગેરકાયદે લાઉડ સ્પીકર લગાવનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવે. ગેરકાયદેસર રીતે લાઉડસ્પીકર વગાડવું, મુંબઈ હાઈકોર્ટના નિર્ણયનું પાલન નહીં કરવું. મુંબઈમાં આ સહન કરવામાં આવશે નહીં.કિરીટ સોમૈયાએ આ મામલે એક RTIની કોપી સોશિયલ મીડિયા પર શેર કરી છે, જેમાં લાઉડસ્પીકરનો ઉપયોગ કરવામાં આવતી મસ્જિદોના નામ આપવામાં આવ્યા છે. આ સિવાય તેણે લખ્યું છે કે દરરોજ જોરથી હોર્ન ફૂંકાય છે. કોઈ મસ્જિદે લાઉડસ્પીકર/હોર્ન માટે પરવાનગી લીધી નથી.અમે ગઈકાલે શિવાજી નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી છે.

# રાજય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવથી મકાઈ, બાજરી, જુવાર તથા રાગીની ખેડૂતો પાસેથી ટેકાના ભાવે સીધી ખરીદી કરાશે



**તાપી-** તાઃ ૦૨ ખેડૂતો ને તેઓના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ માર્કેટીંગ સિઝન ૨૦૨૫-૨૦૨૬ માં રાજય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે બાજરી, જુવાર, મકાઇ, રાગીની ખરીદી ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. મારફતે કરવામાં આવનાર છે.

લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઈન નોધણી સમગ્ર રાજયમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ VCR દ્વારા તા.૦૧/૦૪/૨૦૨૫થી તા.૩૦/૦૪/૨૦૨૫ સુધી કરવામાં આવશે. જયારે ખરીદી તા. ૦૧/૦૫/૨૦૨૫થી તા. ૧૫/૦૭/૨૦૨૫ સુધી કરવામાં આવશે. તે મુજબ નોધણી કરવા તમામ ખેડૂતોને જાણ કરવામાં આવે છે.

નોધણી માટે જરૂરી પુરાવા જેવા કે આધારકાર્ડની નકલ , અધતન ૭-૧૨, ૮-અ ની નકલ, નમૂના ૧૨ માં પાક ની વાવણી અંગે એન્ટ્રી ના થઈ હોય તે પાક વાવ્યા અંગેનો તલાટીના સહી સિક્કા સાથે નો દાખલો ,ખેડૂત ના બેન્ક એકાઉન્ટ ના પાસબૂક ની નકલ અથવા કેન્સલ ચેક ની નકલ (IFSC કોડ સહિત નો) સાથે લાવવાના રહેશે.

રાજયમાં મકાઈ, બાજરી, જુવાર તથા રાગી પકવતા ખેડૂતો તેઓના પાક લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા ઇચ્છુક હોય તેઓની ઓનલાઈન નોધણી ફરજીયાત હોઈ આ માટે સંબધિત ગ્રામપંચાતનો સંપર્ક કરી નોધણી કરાવવા ખાસ અનુરોધ છે.

ટેકાના ભાવે ખરીદી માટે રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતો ને તળત મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ /ઓળખ પત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદારના બાયો મેટ્રિક ઓથોન્ટિકેશન દ્વારા જ જથ્થો ખરીદ કરવામાં આવશે. જેની નોધ લેશો.

નોધણી કરાવતી વખતે તમામ ડોક્યુમેન્ટ સુવાચ્ય રીતે અપલોડ થાય તથા માગ્યા મુજબ ના અપલોડ થાય તેની નોધણી સ્થળ/કાઉન્ટર છોડતા પહેલા ખાસ કાળજી રાખવા વિનંતી છે.ડોક્યુમેન્ટ ની ચકાસણી દરમ્યાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે.

તો આપનો ક્રમ રદ થશે અને ખરીદી માટે આપને જાણ નહીં કરવામાં આવે તેની ખાસ નોધ લેશો. નોધણી બાબતે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઇન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ તથા ૮૫૧૧૧૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

# અમદાવાદમાં બે દિવસ કોગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન, સોનિયા- રાહુલ ગાંધી સહિત પક્ષના દિગ્ગજ નેતાઓના અમદાવાદમાં ધામા





અમદાવાદ- કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ મંગળવારે (૮ એપ્રિલ) ભાજપ અને સંઘ પર પ્રહાર કર્યા હતાં. ખડગેએ આરોપ લગાવ્યો કે, છેલ્લાં અનેક વર્ષોથી રાષ્ટ્રીય નાયકો વિરૂદ્ધ સુનિયોજિત કાવતરૂ ઘડવામાં આવી રહ્યું છે. તેમણે અમદાવાદમાં પાર્ટીની વિસ્તૃત કાર્ય સમિતિની બેઠકમાં કહ્યું કે, સરદાર પટેલ આરએસસની વિરાધારાની વિરૂદ્ધ હતાં અને આ હાસ્યાસ્પદ છે કે, આજ તેમના સંગઠનના લોકો સરદાર પટેલની વિરાસત પર દાવો કરે છે. આ સાથે જ ખડગેએ ગાંધી અને સરદારની ભૂમિ પરથી પ્રેરણા લેવાની પણ વાત કહી હતી.

ખડગેએ એવો પણ દાવો કર્યો કે, આજે સાંપ્રદાયિક વિભાજન દ્વારા દેશના મૂળભૂત મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવામાં આવી રહ્યું છે અને સામંતશાહી એકાધિકાર સંસાધનો કબજે કરીને શાસનને નિયંત્રિત કરવાના માર્ગે છે.

કાર્યકારી સમિતિની બેઠકનું આયોજન ’સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક’ પર કરવામાં આવ્યું છે. પાર્ટીના અધિવેશનના એક દિવસ પહેલાં તેમણે કહ્યું કે, આ વર્ષે મહાત્મા ગાંધીના કોગ્રેસ અધ્યક્ષ બનવાની શતાબ્દી છે. ડિસેમ્બર ૧૯૨૪માં રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધીજી મારા ગૃહ રાજય કર્ણાટકના બેલગાવ કોગ્રેસ અધિવેશનમાં અધ્યક્ષ બન્યા હતાં. આ શતાબ્દી સમારોહ અમે ૨૬ ડિસેમ્બરે કર્ણાટકમાં ઉજવ્યો હતો. સંગઠનની મજબૂતી પર ભાર આપતા ખડગેએ કહ્યું કે, આપણે વિચારધારાને આગળ વધારવાની જરૂર છે. ગુજરાતની ધરતી પર જન્મેલી ત્રણ મહાન હસ્તી દાદાભાઈ નવરોજી, મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ કોગ્રેસ પાર્ટીના અધ્યક્ષ રહ્યાં. ગાંધીજીએ આપણને અન્યાય સામે સત્ય અને અહિંસાનું હથિયાર આપ્યું. આ એટલું મજબૂત હથિયાર છે કે, તેની સામે કોઈ તાકાત ટકી નથી શકતી. સરદાર પટેલને યાદ કરતાં ખડગેએ કહ્યું કે, ’આ વર્ષે ૩૧ ઓક્ટોબરે સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતી છે. જવાહરલાલ નહેરૂ તેમને ભારતની એકતાના સંસ્થાપક કહેતા હતાં. તેમની ૧૫૦મી જન્મ જયંતિ પર આપણે દેશભરમાં ઉજવણી કરીશું.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, ’બાબા સાહેબ ડો. ભીમરાવ આંબેડકરને બંધારણ સભાના સભ્ય બનાવવામાં ગાંધીજી અને સરદાર પટેલે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. બાબા સાહેબે પોતે ૨૫ નવેમ્બર ૧૯૪૯ ના રોજ બંધારણ સભામાં પોતાના છેલ્લા ભાષણમાં કહ્યું હતું કે, કોગ્રેસના સહયોગ વિના બંધારણ બની શક્યું ન હોત. જયારે બંધારણ બનાવવામાં આવ્યું ત્યારે સંઘે ગાંધીજી, પંડિત નહેરુ, ડો. આંબેડકર અને કોગ્રેસની ખૂબ ટીકા કરી હતી. રામલીલા મેદાનમાં બંધારણ અને આ નેતાઓના પૂતળા બાળવામાં આવ્યા.



**બારડોલી વિભાગ મૈસુરીયા સમાજ દ્વારા જવાળા દેવી મંદિર ની તા. ૧૦/ ૦૪ /૨૦૨૫ ગુરુવાર ના રોજ ભવ્યતાથી સાલગીરા ઉજવવામાં આવશે**

# પલસાણાના ચલથાણમાં રક્તદાન કેમ્પનું આયોજન:ભાજપ સ્થાપના દિવસે થેલેસેમિયા દર્દીઓ માટે યોજાયો કેમ્પ, મોટી સંખ્યામાં લોકોએ કર્યું રક્તદાન



**બારડોલી-** સુરત જિલ્લાના પલસાણા તાલુકાના ચલથાણ ખાતે ભાજપ સ્થાપના દિવસ નિમિત્તે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. થેલેસેમિયાના દર્દીઓને વારંવાર રક્તની જરૂરિયાત ઉભી થતી હોવાથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચલથાણના ભાજપ યુવા કાર્યકર્તાઓ અને ચલથાણ યુવક મંડળે કેમ્પનું સફળ આયોજન કર્યું. કેમ્પમાં મોટી સંખ્યામાં પુરુષો અને મહિલાઓએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું. પોલીસકર્મીઓ અને સામાજિક આગેવાનોએ પણ રક્તદાનમાં ભાગ લીધો.

કાર્યક્રમમાં બારડોલી વિધાનસભાના ધારાસભ્ય ઈશ્વર પરમાર અને કડોદરા નગરપાલિકાના પૂર્વ કારોબારી અધ્યક્ષ અંકુર દેસાઈ સહિતના નેતાઓએ હાજરી આપી કેમ્પને સફળ બનાવ્યો. આ રક્તદાન કેમ્પ થેલેસેમિયા દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે.




# મહુવા તાલુકામાં આવેલ મૈત્રી ફાઉન્ડેશન દ્વારા ત્રણ વર્ષોથી ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવ્યું






મહુવા- મહુવા તાલુકામાં આવેલ મૈત્રી ફાઉન્ડેશન દ્વારા ત્રણ વર્ષોથી વિકેટ ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવે છે જેના ભાગરૂપે ૨૦૨૫ નું પણ આયોજન કરવામાં આવ્યું જેના ઉદ્દઘાટક આજ વિસ્તાર ના ધારાસભ્ય મોહનભાઈ ડોઢિયા ના હસ્તે કરી શરૂ કરવામાં આવ્યું હતું જેમાં ફાઇનલમાં તાપીની રાધાકૃષ્ણ તેમજ મહુવા ની મુસ્કાન ઇલવન ટીમ આવી હતી આ ફાઇનલ મેચમાં ૫૨ રને મહુવા ની મુશકાન ટિમ વિજેતા બની હતી.

શાહ ની સીઝન ચાલી રહી છે ત્યારે ક્રિકેટ રસીકોમાં ભારે ઉત્સાહ જોવા મળતો હોય છે જેને લઇ ગ્રામ્ય વિસ્તારમાં ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવતું હોય છે તે જ પ્રમાણે મહુવા તાલુકામાં મૈત્રી ફાઉન્ડેશન દ્વારા છેલ્લા ત્રણ વર્ષ સુધી ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવતું છે. આ વખતે ૨૦૨૫ ની ટુર્નામેન્ટમાં મહુવા તાપી અને વાસદા સહિત ૧૨ જેટલી ટીમોએ ભાગ લીધો હતો મૈત્રી ફાઉન્ડેશન દ્વારા ના ત્રણ વર્ષ સુધી આ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે અને આમાંથી જે નાણા મળે છે તેનો ઉપયોગ તેનો ઉપયોગ અંતરિયાળ ગામોમાં આવેલી આશ્રમશાળા ના બાળકોને બીજા અને ચોથા શનિવારે મનગમતું ભોજન ખવડાવવામાં આવે છે સાથે સાથે મેડિકલ સહાય જેમાં ૨ વિલચેર, ૧ બેડ અને ૫ વોકર ની પણ જરૂરિયાત મંદો ને પુરી પાડવામાં આવશે હાલ તો મૈત્રી ફાઉન્ડેશનમાં કોર કમિટીના ૬૦ સભ્યો તેમ જ ૨૦૦થી વધુ સભ્યો આ ઉમદા કામમાં જોડાઈને સક્રિય બન્યા છે .

# ઓલપાડના સરસ ગામના પ્રાકૃતિક ખેતી કરતા કલ્પેશભાઈ પટેલે કેળાની ખેતીમાં મુલ્યવર્ધન કરીને વર્ષ દહાડે લાખોનું વેચાણ કરી રહ્યા છે



ઓલપાડ- પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તે માટે સરકાર મિશન મોડ પર કાર્ય કરી રહી છે ત્યારે સુરત જિલ્લાના યુવા ખેડુતો પણ પ્રાકૃતિક ખેતી અપનાવી રહ્યા છે તેનું ઉમદા ઉદાહરણ પુરૂ પાડી રહ્યા છે ઓલપાડ તાલુકાના સરસ ગામના કલ્પેશભાઈ રમણભાઈ પટેલ.

વેસુ ખાતે ખુલ્લા મુકવામાં આવેલા પ્રાકૃતિક કૃષિ બજારમાં પોતાની ખેતપેદાશો લઈને આવેલા કલ્પેશભાઈ પટેલ જણાવે છે કે, હું છેલ્લા છ વર્ષથી આ ખેતી કરી રહ્યો છું. ખાસ કરીને પ્રાકૃતિક કેળાની ખેતી કરીને વર્ષ દહાડે લાખોનું ઉત્પાદન મેળવું છું. સાથે સાથે કેળામાંથી મુલ્યવર્ધન કરીને વેફર, અજીર ચોકલેટ બનાવીને વેચાણ કરે છે.

તેઓ કહે છે કે, આજે રાજયપાલ મારી સાથે વાતચીત કરીને મારા પ્રાકૃતિક ખેતીના અનુભવો જાણ્યા હતા. આ ખેતી અપનાવીને મારા પરિવારની સ્વાસ્થ્યની સાથે લોકોને પણ ઝેરમુક્ત ખેતપેદાશ આપી રહ્યો છું તેનો ગર્વ છે. શાકભાજી, ફળોના વેચાણ માટે બજારની વ્યવસ્થા ઉભી કરવા બદલ કલ્પેશભાઈએ સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## તંત્રી લેખ........

# વિજ્ઞાનની અનેક શોધો સ્વપ્ન પ્રેરણાથી પરિપૂર્ણ થઈ છે



તંત્રી– હિમાંશુસિંહ ઠાકોર

અચેતન મનના સંબંધથી સ્વપ્ન આપણને બધા સમય અને સ્થળ સાથે જોડી દે છે તેથી ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળની પ્રગટ, અપ્રગટ બધી માહિતી તેના થકી પ્રાપ્ત થઈ જતી હોય છે.

મા નવ મસ્તિષ્કમાં ઉદ્ભવતા તરંગો નિદ્રા અને સ્વપ્નની સ્થિતિનું નિર્માણ કરે છે. ઘણીવાર એવું લાગે છે કે સ્વપ્ન અર્થહીન, વિભ્રમાત્મક કે કલ્પના જગતમાં વિહાર કરાવનારા હોય છે. કેટલાક મનોવિજ્ઞાનીઓ એને ઈચ્છાપૂર્તિ કરાવનારા પણ માને છે. તે પ્રતીકાત્મક હોય છે. તેનો અચેતન મન સાથે સંબંધ હોય છે. અચેતન મનના સંબંધથી સ્વપ્ન આપણને બધા સમય અને સ્થળ સાથે જોડી દે છે તેથી ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળની પ્રગટ, અપ્રગટ બધી માહિતી તેના થકી પ્રાપ્ત થઈ જતી હોય છે. મનની અંદર ચાલતી કોઈ મથામણ, સમસ્યાનો ઉકેલ સ્વપ્ન જ લાવી આપે છે. એ રીતે સ્વપ્નો નિરર્થક નહીં પણ અત્યંત સાર્થક અને ઉપયોગી પણ સાબિત થયા છે.

બેન્ઝિન સ્ટ્રક્ચરની શોધ કરનાર જર્મન રસાયણ વિજ્ઞાની ફ્રેડરિક ઓગસ્ટ કેકુલેએ કહ્યું હતું કે જો આપણે સ્વપ્નોની ભાષા સમજવાનું શીખી લઈએ તો સૃષ્ટિનું કોઈ રહસ્ય ઉકેલવું અઘરું ના પડે. આપણે સ્વપ્નથી જ સત્યને પ્રાપ્ત કરી શકીશું. અનેક શોધો, સંશોધનો સ્વપ્નની સહાયથી જ સંભવ બન્યા છે. પ્રખ્યાત ગણિતશાસ્ત્રી હેનરી ફેહરે ગણિતના ૬૯ વિદ્વાનોની મુલાકાત લઈ એમના જીવનની સફળતા અને સિદ્ધિઓ અંગે પૂછપરછ કરી તો એમને એ બાબત જાણવા મળી કે એમાંથી ૬૧ વિદ્વાનોએ સૌથી અઘરા પ્રશ્નો અને પ્રમેયોનો ઉકેલ સ્વપ્નોમાં જ મેળવ્યો હતો. સ્વામી રામતીર્થની બાબતમાં પણ એવું જ બનતું. તે ગણિતની અઘરી સમસ્યાઓનો ઉકેલ લાવવામાં મુશ્કેલી અનુભવતા ત્યારે સૂઈ જતા. તેમનું વિશ્રાંત મન સ્વપ્નમાં તેનો ઉકેલ શોધી કાઢતું. આવું અનેકવાર બન્યું હતું એટલે તે સ્વપ્નને ખૂબ મહત્વ આપતા હતા.

૧૯૨૨ નું ભૌતિક વિજ્ઞાનનું નોબલ પ્રાઇઝ પ્રાપ્ત કરનાર વિશ્વવિખ્યાત ડેનિશ ભૌતિક વિજ્ઞાની નિલ્સ બોહર ની બાબતમાં પણ આવું જ બન્યું હતું. તે પરમાણુ સંરચના વિશે સંશોધન કરતા હતા ત્યારે તેમને ઘણી બધી બાબતોના રહસ્યો સમજાતા નહોતા. ઘણો માનસિક વ્યાયામ કરવા છતાં તે સમસ્યાનો ઉકેલ મળતો નહોતો. એક રાત્રે આ સમસ્યાનો વિચાર કરતાં કરતાં તે ઊંઘી ગયા. તે દરમિયાન તેમને સ્વપ્ન આવ્યું. તેમાં તેમણે જોયું કે તે સૂર્યની વચ્ચે ઉકળતા વાયુમાં ઊભા છે. સૂર્યની ચારે તરફ અંતરિક્ષમાં અનેક ગ્રહો વર્તુળાકારે ગોળ ગોળ ઘૂમી રહ્યા છે. આ ગ્રહો એક પાતળા તાંતણાથી જોડાયેલા છે. જયારે કોઈ ગ્રહ બોહર પાસેથી પસાર થતો ત્યારે જાણે તે તેમને કંઈ કહેતો જતો હોય એવું લાગતું. તે શું કહે છે તેનો તેમને ખ્યાલ આવતો નહીં. તેમણે સ્વપ્નમાં એવું પણ જોયું કે એકાએક પેલો સળગતો વાયુ ઠંડો પડી ગયો. સૂર્યએ અત્યંત ઠોસ, નક્કર રૂપ ધારણ કરી લીધું. તે પછી બધું તૂટીને, વિખરાઈ ગયું.

એ જ વખતે બોહરનું સ્વપ્ન પણ તૂટી ગયું, પણ સ્વપ્નમાં જે જોયું હતું તે મનમાં એકદમ સ્પષ્ટ અંકિત થઈ ગયું હતું. જાગ્યા પછી પણ એ બધા દ્રશ્યો એકદમ સ્પષ્ટ યાદ રહી ગયા હતા. એકાએક બોહરના મનમાં એક વિચારનો ચમકારો થયો. તેમની અંદરથી અવાજ આવ્યો - મે જે જોયું તે જ તો પરમાણુ સંરચનાનો ભેદ નહીં હોય ને ? સ્વપ્નના સંકેતોને સમજીને તેનું અર્થઘટન કરવા માંડયું અને સંશોધન આગળ વધારવા માંડયું. તેમાં તે સફળ થયા. આના આધારે તેમણે જાણ્યું કે સાચેસાચ પરમાણુની રચના બિલકુલ આ રીતે જ એના સૂક્ષ્મ સ્તર પર થઈ છે નિલ્સ બોહર દ્વારા દર્શાવવામાં આવેલા પરમાણુની રચનાના સ્વરૂપે જ અર્વાચીન પરમાણુ વિજ્ઞાનનો પાયો નાંખ્યો છે ! એના આધારે જ અત્યારનું ક્વોન્ટમ ફીઝિક્સ આટલો વિકાસ કરી શક્યું છે. તેમના નોધપાત્ર મહત્વપૂર્ણ સંશોધનને કારણે જ તેમને ૧૯૨૨માં ભૌતિક વિજ્ઞાનનું નોબલ પ્રાઇઝ પ્રાપ્ત થયું હતું.

સિલાઈના મશીનની શોધ પાછળ પણ સ્વપ્નની જ સહાય કામ આવી હતી. એના શોધક એલિયાસને એ વાતની સમસ્યા નડી હતી કે સોયમાં દોરો ક્યાંથી નાંખવામાં આવે કે તે નીચેનો દોરો પોતાની મેળે ખેંચી શકે. આ માટે તેમણે ઘણા પ્રયાસો કર્યા પણ તેમાં સફળતા ના મળી. છેવટે તે નિરાશ થઈ થાકેલા મનને કારણે સૂઈ ગયા.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫–સિટર ● ૭–સિટર ●





સંપર્ક– અનિલભાઈ મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાન્સપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

### તાપી જિલ્લા સોનગઢ તાલુકાના ગુણસદા ગામના જે.કે. પેપર લિમિટેડના કામદારો ના યુનિયન પ્રતિનિધિઓ અને મેનેજમેન્ટ વચ્ચે

# ૨૨ મો દિવસ હડતાલનો હોવા છતાં મેનેજમેન્ટ દ્વારા કોઈ પણ પ્રકારનો પ્રતિસાદ આપવામાં આવેલ નથી





**તાપી-** તાપી જિલ્લા સોનગઢ તાલુકાના ગુણસદા ગામના જે.કે. પેપર લિમિટેડના કામદારો ના યુનિયન પ્રતિનિધિઓ અને મેનેજમેન્ટ વચ્ચે જે લોન્ગ ટર્મ સેટલમેન્ટ એપ્રિલ ૨૦૨૪ થી પૂર્ણ થયેલ છે. અને ૧ એપ્રિલ ૨૦૨૪ થી ૩૧ માર્ચ ૨૦૨૭ સુધીનો લોગ ટર્મ સેટલમેન્ટ બાબતે ૨૮ થી ૩૦ જેટલી માગણીઓ બાબતે છેલ્લા એક વર્ષ સુધી યુનિયન પ્રતિનીધીઓ દ્વારા વિનમ્રતા ભાવે ચર્ચા ચાલી રહી હતી, જેમાં મેનેજમેન્ટ નો તમામ માગણીઓ બાબતે નકારાત્મક પ્રતિસાદ વર્તવવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે તારીખ ૧૭ મી માર્ચ ૨૦૨૫ થી કામદારો દ્વારા અમુદત હડતાલ ની શરૂઆત કામદારોના માધ્યમથી કરવામાં આવી. જેમાં આજે ૨૨ મો દિવસ હડતાલનો હોવા છતાં મેનેજમેન્ટ દ્વારા કોઈ પણ પ્રકારનો પ્રતિસાદ આપવામાં આવેલ નથી, એનું મુખ્ય કારણ એટલે કે કંપનીની ટોપ મેનેજમેન્ટ કે જેમાં ખાસ કરીને પ્લાન્ટ હેડ મુકુલ વર્મા તથા મુન્ના કુમાર, પીયુશ મિત્તલ તથા યોગેશ ચૌહાણ તથા સુનિલ પગાર, બાપુ કોહલી, હેમંત પાટીલ, જયેશ પાઠક, મોહીત ત્યાગી, શિવપ્રકાશ તીવારી, કૈલાશ પાટીલ જેવા ઉપરી અધિકારીઓ દ્વારા અમાનવીય કાર્ય પદ્ધતિ થી દબાણ હેઠળ ૧૨-૧૨ કલાક કામ , મેનેજમેન્ટ ક્રેડેટ સ્ટાફ એટલે કે મેનેજર રેન્ક ના અધિકારીઓ તથા કોન્ટ્રાક્ટ લેબર દ્વારા પ્લાન્ટ ની અંદર અનફેર લેબર પ્રેક્ટિસ એટલે કે ઇન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટ એક્ટના કલમ ૨૫ ટી તથા ૨૫ યુ ની તોહમત ભર્યું કૃત્ય મેનેજમેન્ટ દ્વારા સતત આચરવામાં આવી રહ્યુ છે. અને ૮૦૦ જેટલા જિમ્મેદાર કાયમી કામદારો કે જેઓ અમુક હેલ્પરનું કામ કરતા હોય છે. અમુક જુનિયર ઓપરેટર નું કામ કરતા હોય છે, એમાં અમુક સિનિયર ઓપરેટર નું કામ કરે છે, તથા અમુક સિનિયર ટેક્નિશિયન જેમાં મિકેનિકલ ઇલેક્ટ્રિકલ તથા ઇન્સ્ટ્રુમેન્ટેશન ને લગતા તમામ ટેકનિકલ કાર્યો આ ૮૦૦ વર્કરો દ્વારા કરવામાં આવે છે અને ઉચ્ચ મેનેજમેન્ટ દ્વારા તેઓના છાતી ઉપર પગ મૂકીને અન્ય પેપર પ્લાન્ટ માંથી ઓપરેટરો ટેકનીશીયનો તથા અન્ય આઉટસોર્સેસના કામદારોની ઘુસપેઠ કરાવવામાં આવી રહી છે અને મોટા પ્રમાણમાં ઉત્પાદક્તા માં ઘટાડો તથા ગુણવત્તામાં ઘટાડો નોંધાયો છે. પરંતુ હડતાળમાં જોડાયેલ કામદારોના મોરલ તોડવા માટે બધુ સારું દેખાડવામાં આવી રહયું છે. તથા જે લેબર કોન્ટ્રાક્ટરો દ્વારા કામ કરવામાં આવી રહ્યું છે. એ કામ કરતી વખતે ઘણા બધા એક્સિડન્ટો પણ થઈ રહ્યા છે. આજ રોજ પણ પેપર મશીન અતિયામાં એક આધિકારી નો હાથ રોલ ની વચ્ચે આવી જતા હાલત લથળતા તાત્કાલિક સુરત ખાતે સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો. જે બનાવને પણ મેનેજમેન્ટ દ્વારા છુપાવવામાં આવી રહ્યુ છે. સી.પી.એમ એમ્પ્લોઇસ યુનિયન દ્વારા શાસન અને પ્રશાસનને આ બાબતે લેખિત જાણ કરવામાં આવી હતી. કે ઇન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એક્ટ ૧૯૪૭ મુજબ કલમ ૨૫ ટી તથા કલમ ૨૫ યુ , નું તોહમદ ભર્યું આચરણ આ જે.કે.પેપર મેનેજમેન્ટ દ્વારા થઈ રહ્યુ છે. લો એન્ડ ઓર્ડર જાણે જે કે પેપર મેનેજમેન્ટ ઘોળીને પી ગયા હોય એવું લાગે છે. માટે જ આજરોજ સુધી ૮૦૦ જેટલા વર્કરોના જગા પર અનફેર લેબર પ્રેક્ટિસ નીપજાવવામાં આવી રહી છે, જે બાબતની લેખીત ફરીયાદ એમ્પ્લોઇઝ યુનિયન દ્વારા શાસન અને પ્રશાસનને કરવામાં આવી હતી, અને તો છતાં આવા પ્રકારના ઘોર દુષ્કૃત્ય ને જે.કે. મેનેજમેન્ટ દ્વારા આચરવામા આવી રહ્યુ છે. તેને યુનિયનના તમામ પદાધિકારીઓ તથા ૮૦૦ જેટલા વર્કરો કે કામદારો વખોડીએ છીએ અને આવનારા દિવસોમાં જે શાસન પ્રશાસન દ્વારા આને અટકાવવામાંન આવેતો યુનિયન દ્વારા ઉગ્ર આંદોલન હાથ ધરવામાં આવશે જેમાં કોઈ પણ પ્રકારનુંજાન કેમાલ નેહાનિ પહોંચે એબાબતની પૂરેપૂરી જવાબદાર કંપની મેનેજમેન્ટની રહેશે.

## આગામી ૪ દિવસ હીટવેવને લઇ એલર્ટ જાહેર:તાપમાન ૪૧ ડિગ્રી નજીક, ૪ દિવસ તીવ્ર ગરમી પડશે



સુરત- ઉત્તરના સૂકાભઠ્ઠ ગરમ પવનો ફૂંકાતા મોટાભાગના જિલ્લાઓમાં હીટવેવને લઇ હવામાન વિભાગે એલર્ટ જાહેર કર્યું છે. સુરતમાં રવિવારે બપોરે પારો ૪૦.૮ ડિગ્રી પહોંચી જતાં લૂની અસર વર્તાઇ હતી. આગામી ૯થી ૧૦ એપ્રિલ સુધી દક્ષિણ ગુજરાતમાં અસહ્ય ગરમી રહેશે. જયારે કચ્છ, ઉત્તર ગુજરાત, સુરેન્દ્ર નગર, રાજકોટ સહિતના જિલ્લામાં હીટવેવને લઇ અલગ અલગ એલર્ટ અપાયા છે. જેથી આ આગામી ૪ દિવસ સમગ્ર ગુજરાત આકરી ગરમીથી તપશે.

હવામાન વિભાગના જણાવ્યાનુસાર રવિવારે સુરત શહેરનું મહત્તમ તાપમાન ૪૦.૮ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૪.૮ ડિગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં સવારે ભેજનું પ્રમાણ ૭૪ ટકા અને સાંજે ૧૮ ટકા નોંધાયું હતું. ઉત્તર દિશા થી ૪ કિલોમીટરની ગતિએ પવનો ફૂંકાયા હતા.

નોંધનીય છે કે, ચાલુ ગરમીની સિઝનમાં ૪૧.૮ ડિગ્રી માર્ચ મહિનામાં સૌથી વધારે ગરમી નોંધાઇ હતી. સુરતમાં આગામી ૪ દિવસ હીટવેવની અસર રહેશે. જેથી ગરમીનો પારો ફરી ૪૧ ડિગ્રીને પાર થવાની સંભાવના છે.

## રામનવમીએ બારડોલી જય શ્રી રામના નાદથી ગૂંજી ઉઠ્યું

બારડોલી- બારડોલીમાં રામનવમીના પાવન પર્વની ઉજવણીના ભાગરૂપે બારડોલી નગર વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના સંયુક્ત ઉપક્રમે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામના જન્મ દિવસની ઉજવણી નિમિત્તે સાંજે બારડોલીમાં ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. આ પહેલાં બારડોલીના પૌરાણિક રામજી મંદિર ખાતે મધ્યાહને મંદિર ટ્રસ્ટ દ્વારા સામૂહિક આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. રામજી મંદિરથી ગોવિંદાશ્રમ મંદિર સુધીના સમગ્ર રૂટ પર શોભાયાત્રાને નિહાળવા માટે મોટી સંખ્યામાં નગરજનો ઉમટી પડ્યા હતા.




ભરૂચના સમાજસેવક સેજલભાઈ (સંદીપભાઈ) દેસાઈ ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ નિમિત્તે ૫૦ થી વધુ કાર્યકર્તા સાથે ભાજપમાં જોડાયા.

### રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે વેસુ ખાતે પ્રાકૃતિક કૃષિ બજારનો શુભારંભ

# સૂરતીઓને પ્રાકૃતિક ખેત ઉત્પાદનોની ખરીદી કરવાનો અનુરોધ કરતા રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી



સુરતઃ ખેડૂતો અને વપરાશકર્તાઓને અત્યંત લાભદાયી એવી પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા ખેડુતોને બજાર વ્યવસ્થા ઉપલબ્ધ થાય તેવા આશયથી સુરત જિલ્લા વહીવટીતંત્ર અને સુરત મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે સુરત શહેરના વેસુ ખાતે પ્રાકૃતિક કૃષિ બજારનો શુભારંભ થયો છે. પ્રાકૃતિક કૃષિ માટે મિશન મોડ માં કામ કરી રહેલા રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે આજે પ્રાકૃતિક કૃષિ બજાર ખુલ્લું મુકાયું હતું. વેસુની એસ.ડી.જૈન કોલેજની બાજુમાં પ્રાકૃતિક કૃષિ બજાર શરૂ કરવામાં આવ્યું છે.

જયાં સુરત જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો પૈકીના ૭૦ થી વધુ ખેડૂતો પોતાના ઉત્પાદનોના વેચાણ માટે આવ્યા હતા. ખેડૂતો અહીં દર બુધવાર અને રવિવારે સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ વાગ્યા સુધી શ્રેષ્ઠ અને સ્વાસ્થ્યપ્રદ ગુણવત્તાવાળા અને કેમિકલમુક્ત શાકભાજી, ફળ, કઠોળ અને અનાજનું વેચાણ કરશે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)
YouTube
www.gujarataatmiyata.in


ATMIYA
PROPERTIES
Atmiya Propaties Bardoli
Mo: 9016924808



ખેતીલાયક જમીન . ફાર્મ હાઉસ .
દુકાન પ્લોટ ફ્લેટ . રો હાઉસ.
ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે .
બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ
ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....
શાસ્ત્રી રોડ, બારડોલી

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT













**રક્ત સ્વાભિમાન સંમેલન ૧૨ એપ્રિલ ના બેનરો લાગ્યા**

## ફ્રીજમાં શોર્ટસર્કિટ થતા આગ લાગી

# બારડોલીનાંએકઘરમાં શોર્ટસર્કિટને કારણે આગ, ઘરવખરી બળીને ખાક

માંડવી- સુરત જિલ્લાના બારડોલી શહેરમાં રવિવારની મધરાતે એક ગંભીર અગ્નિકાંડની ઘટના બની હતી. શહેરની શ્રીપતિ વિલા સોસાયટીમાં આવેલ એક રહેણાંક ઘરમાં રાત્રે ફ્રિજમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી. આગે તત્કાળ ઘરના એક બેડરૂમ અને એસી સહિતના ઉપકરણોને ઝપટમાં લેતા ભારે નુકસાન થયું હતું. ઘરમાં ઊંઘી રહેલા પરિવારના ચાર સભ્યો આગના ધુમાડાથી જાગી ગયા હતા અને સમયસૂચકતા દાખવી ઘરની બહાર નીકળી જતા કોઇ જાનહાનિ થઇ ન હતી.



મળતી માહિતી મુજબ, બારડોલીમાં આવેલી શ્રીપતિ વિલા સોસાયટીના એક મકાનમાં રહેલ ફ્રિજમાં રાત્રે ૧૨.૩૦ વાગ્યે શોર્ટસર્કિટના કારણે આગ લાગી હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતા એક બેડરૂમ અને એસી સહિતના ઉપરકરણોને ઝપટમાં લઈ લેતા તમામ ઘરવખરી બળીને ખાક થઈ ગઈ હતી. જેને પગલે ભારે નુકસાન થયુ હતું. ઘરમાં જ્યારે આગ લાગી ત્યારે પરિવારના સભ્યો સૂતા હતા. પરંતુ, ધુમાડો શ્વાસમાં જતા ચારેય જણા જાગી ગયા હતા અને સમયસૂચકતા દાખવી ઘરની બહાર નીકળી જતા મોટી જાનહાનિ ટળી હતી. ઘટનાની જાણ થતાં જ બારડોલી ફાયર વિભાગના અધિકારી ઋષિ સોની અને તેમની ટીમ તત્કાલ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટર્સે સતત પ્રયાસોથી આગને વધુ ફેલાવા ન દઈ કાબૂમાં લીધી હતી. જોકે, આ ઘટનામાં ઘરના ઉપકરણો, ફર્નિચર અને ઘરવખરીને મોટું આર્થિક નુકસાન થયું છે.

ઉલ્લેખનીય છે કે, સુરત જિલ્લામાં ઉનાળાની શરૂઆતથી જ આગ લાગવાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે, જેના કારણે સ્થાનિક રહીશોમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. આ ઘટનાએ ફરી એકવાર ઘરેલું ઇલેક્ટ્રિક ઉપકરણોની સુરક્ષા અને જાળવણી અંગે સાવચેત રહેવાની જરૂરિયાતની વાત પર ભાર મુક્યો છે.

# રૂ. ૭૫૯ લાખના હાઈલેવલ બ્રિજ અને રોડના કામોનું ખાતમુહૂર્ત કરતા વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ

તાપી, તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકાના જૂના બેજ ગામ ખાતે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) હસ્તક રૂ. ૭૫૯ લાખના ખર્ચે નવનિર્મિત થનારા હાઇલેવલ બ્રિજ અને રોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત વન અને પર્યાવરણ મંત્રીશ્રી તથા તાપી જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું.





આ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રીશ્રી મુકેસભાઇ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો છેવાડાના ગામના સર્વાંગી વિકાસના સંકલ્પને પૂર્ણ કરવા માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારની કામગીરી નોંધપાત્ર છે. એમ જણાવતા તેમણે ઉમેર્યું હતુ કે જુનાબેજ ગામમાં આજે સોનાનો સુરજ ઉગ્યો છે.

મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે ઉમેર્યુ હતું કે, તાપી જિલ્લા વહીવટી તંત્રએ પણ પ્રજાસુખાકારી માટે સરાહનીય કામગીરી કરી છે. જિલ્લાના તમામ ગામડાઓની સાથે છેવાડાના અને વર્ષોથી વિકાસથી વંચિત જૂના બેજ ગામને પણ પ્રાથમિક અને માળખાકિય સુવિધાઓ હેઠળ આવરી લેવા માટે તંત્રના અધિકારીઓ સાથે બેઠકો યોજીને ચર્ચા-વિચારણા કરી હતી. જૂના બેજ ગામના ૫૮ કુટુંબોને વીજળી-રસ્તા સહિતની સુવિધાઓ, સરકારની આયુષ્માન યોજના, ઉજ્જવલા યોજના, આધાર કાર્ડ સહિતના પુરાવા માટેના કેમ્પો રાખીને ગામના તમામ કુટુંબોને સુવિધાઓ-યોજના હેઠળ આવરી લેવાની કામગીરી કરાઈ છે.

મંત્રીશ્રી મુકેશભાઈ પટેલએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે, બે વર્ષ પહેલા આ ગામની મુલાકાત લઈ નાગરિકોના પ્રશ્નો સાંભળી મુખ્યમંત્રી સમક્ષ નિરાકણ માટે જૂનાબેજ ગામના વિકાસકામોની દરખાસ્તને મુકવાવામાં આવી હતી. જેને તાત્કાલિક મંજૂર કરવામાં આવી હતી, આ વિકાસકામો ગામવાસીઓ માટે નવાં અવસરો સર્જશે. ગામના દીકરા-દીકરીને સ્કુલે નાવડી મારફ્તે જવુ પડતું હતુ, ચોમાસા દરમિયાન કોઈ અકસ્માત ન સર્જાય તેને ધ્યાને રાખીને કામો મંજૂર કરાયા છે, ગ્રામજનોને સુવિધાઓનો લાભ મળે તે માટે તમામ કામો વહેલી તકે પૂર્ણ થાય તે માટે મંત્રીશ્રી પટેલે તંત્રને સૂચનો કર્યા હતા.

# વ્યારામાં ટ્રાફિકના નિયમ તોડનારા વાહનચાલકોને બાળકોએ ફૂલ આપ્યા

વ્યારા- ગુલાબનું ફૂલ આપી ટ્રાફિક નિયમોનું પાલન કરવા અપીલ કરાઇ.



તાપી જિલ્લા ટ્રાફિક પોલીસના પીઆઈ સલીમ શેખે વ્યારામાં ટ્રાફિકના નિયમોનું ભાન કરાવવા અનોખો પ્રયાસ કર્યો. હાઈસ્કૂલ રોડ પર શાળાના વિદ્યાર્થીઓને સાથે રાખીને વાહન ચેકિંગ હાથ ધરાયું. ટ્રાફિક નિયમ તોડનારને બાળકો દ્વારા ફૂલ અને પેમ્પ્લેટ આપી સમજ આપવામાં આવી.

વ્યારા માં ટ્રાફિક પીઆઈ સલીમ શેખ અને તેમની ટીમે વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમો અંગે માર્ગદર્શન આપ્યું. પછી રસ્તા પર નિયમ તોડનારને રોકી બાળકો દ્વારા ફૂલ આપી નિયમોનું મહત્વ સમજાવાયું. વ્યારા નગર માં આવેલ વિવિધ શાળા ના બાળકોને પણ ટ્રાફિક નિયમોની સમજ મળે અને મોટાઓને પણ સંદેશ મળે તે હેતુથી આ પ્રયાસ કરાયો હતો.

પી.આઈ. સલીમ શેખે જણાવ્યું કે ટ્રાફિકના નિયમોનું પાલન કરવું જરૂરી છે. નિયમોનું પાલન કરવાથી અકસ્માત ઘટે છે અને રસ્તા પર સલામતી વધે છે.

સ્પીડ લિમિટ જાળવવી, હેલ્મેટ પહેરવો અને નિયમોનું પાલન કરવું દરેક વાહનચાલકની ફરજ છે. વ્યારા માં વિદ્યાર્થીઓ દ્વારા પણ નિયમ ના પાલન કરી વાહનો ચલાવશે.

## આર્મ્સ એક્ટનો ગુનો શોધી કાઢી તે ગુના આધારે

# સરકારી પિસ્તોલની ચોરી સહિતનો ઘરફોડ ચોરીનો વણશોધાયેલ ગુનામાં ચોરીમાં ગયેલ સરકારી હથિયાર તથા જીવતા કારતુસ સાથે આરોપીઓને ઝડપી પાડી ઘરફોડ ચોરીનો વણશોધાયેલ ગુનો શોધી કાઢતી લોકલ ક્રાઇમ બ્રાંચ, પેરોલ ફર્લો સ્કોર્ડ તાપી

**તાપી-** શ્રી પ્રેમ વીર સિંહ પોલીસ મહાનિરીક્ષક, સુરત વિભાગ, સુરત તથા રાહુલ પટેલ , પોલીસ અધિક્ષક, તાપી-વ્યારા નાઓએ તાપી જીલ્લામાં પ્રોહી./જુગાર ની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા તેમજ મિલક્ત સંબધી વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢવા તેમજ નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓ પકડી પાડવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય.



ઉપરોક્ત સુચના આધારે આજ રોજ ડી.એસ. ગોહિલ, પોલીસ ઇન્સ્પેક્ટર, એલ. સી. બી., તાપી નાઓની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ. એન. જી. પાંચાણી, પો.ઇન્સ. જે.બી.આહિર તથા પો.સ.ઇ. એસ. પી. સોઢા, એલ. સી. બી. જિ.તાપી નાઓ એલ.સી.બી.શાખા/ પેરોલ ફર્લો સ્કોર્ડના પોલીસ માણસોની ટીમ સાથે ઉચ્છલ પો. સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પોલીસ માણસો પૈકી એલ.સી.બી. શાખાના (૧) એ.એસ.આઇ. જગદીશભાઇ જોરારામ (૨) હે.કો. જયેશભાઇ લીલકીયાભાઇ (૩) હે.કો.અનિરૂધ્ધસિંહ દેવસિંહ નાઓને મળેલ ખાનગી બાતમી હકીકત આધારે ઉચ્છલ તાલુકાના છાપટી ગામની સીમમાં ઉચ્છલ નિઝર રોડ ઉપર મહારાષ્ટ્ર રાજય તરફ જતા રોડના ત્રણ રસ્તા ખાતેથી એક સ્પ્લેન્ડર મોટર સાયકલ કિ. રૂ. ૨૫,૦૦૦ ની ઉપર ત્રણ ઇસમો (૧) તુષાર સુરેશભાઇ વળવી ઉ.વ. ૨૧ રહે.ગામ-વાટવી, નિમ્બવા ફળીયુ તા. નવાપુર જી. નંદુરબાર (મહારાષ્ટ્ર) (૨) રાજુ લગન્યા નાઇક ઉ.વ.૨૦ રહે. ગામ-વાટવી, નિમ્બવા ફળીયુ તા. નવાપુર જી. નંદુરબાર (મહારાષ્ટ્ર) (૩) પ્રવિણ શુરેશભાઇ વળવી ઉ.વ. ૨૫ રહે.ગામ-વાટવી, નિમ્બવા ફળીયુ તા.નવાપુર જી. નંદુરબાર (મહારાષ્ટ્ર) નાઓને પાસ પરવાના વગર સરકારી ગ્લોક પિસ્તલ નંગ-૧ કિ. રૂ.૬૦,૦૦૦ તથા જીવતા કારતુસ નંગ-૪ કિ.રૂ.૨૦૦ મળી કુલ્લે કિ. રૂ.૮૫,૨૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી આર્મ્સ એક્ટ મુજબનો ગુનો શોધી કાઢી આરોપીઓ વિરૂધ્ધ ઉચ્છલ પો.સ્ટે. પાર્ટ બી ગુ.ર.નં-૧૧૮૨૪૦૦૬૨૫૦૨૫૧/૨૦૨૫, આર્મ્સ એક્ટ કલમ ૨૫ (૧) એ, ૧ (૧-એ) (૧-બી) બી મુજબનો ગુનો રજીસ્ટર કરાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

ઉપરોક્ત ગુનો શોધાયા વખતે ઉપરોક્ત આરોપીઓના કબજામાંથી મળી આવેલ હથિયાર ગઇ તા. ૧૭/૦૨/૨૦૨૫ ના રોજ ઉચ્છલ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૮૨૪૦૦૬૨૫ ૦૧૨૭/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ-૩૦૫(ક), ૩૩૧(૪) મુજબના વણશોધાયેલ ગુનામાં ચોરીમાં ગયેલ સરકારી ગ્લક પિસ્તલ તથા નંગ- ૧૦ કારતુસ પૈકી સરકારી ગ્લક પિસ્તલ અને નંગ-૦૪ જીવતા કારતુસ હોવાનું જણાયેલ છે. આમ આર્મ્સ એક્ટનો ગુનો શોધી કાઢી તે ગુના પરથી ઉચ્છલ પોલીસ સ્ટેશનનો ઉપરોક્ત વણશોધાયેલ ગુનો શોધી કાઢવામાં આવેલ છે.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).